707

"આહિર" જાતિની પેટા જાતિઓ, પેટા જૂથોને જાતિ પ્રમાણપત્રો આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાક : સશપ / ૧૧૦૮ / ૧૦૪૮ / અ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 2 5 JAN 2010 .

<u>વંચાણમાં લીધા</u> :-

(૧) સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિભાગના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧- ૭૮- ૧૩૭૩૪- હ, તા.૧/૪/૧૯૭૮ અને ત્યાર પછીના વખતોવખતના ઠરાવો.
(૨) નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની તા.૨૭/૮/૨૦૦૯ ની દરખાસ્ત
(3) અધ્યક્ષશ્રી, અન્ય પછાતવર્ગો માટેનું પંચનો તા.30/૧૦/૨૦૦૯ નો પત્ર.

<u>પ્રસ્તાવના</u>:-

વંચાણમાં લીધેલા (૧) થી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની યાદીમાં અનુક્રમાંક નં.૨ ઉપર "આહીર, આયર-બોરીચા" જાતિનો સમાવેશ કરવામાં આવેલ છે. મૂળ "આહિર" જાતિના ઇસમો હોવા છતાં સરકારી રેકર્ડમાં આહિરને બદલે "સોરઠીયા", "પંચોળી" કે "મચ્છોયા(મચ્છુયા)" જેવી જાતિ નોંધો હોવાથી તેઓને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પ્રમાણપત્રો મળી શકતા નથી અને પરિણામે તેઓ તેમના બંધારણીય હક્કોથી વંચિત રહી જાય છે, તેવી વિવિધ રજુઆતો સરકારને મળેલ હતી.

આ અંગે નિયામકશ્રી(વિ.જા.)એ તેમના વંચાણમાં લીધેલા (૨) પરના પત્રથી ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજયના પછાત વર્ગ બોર્ડના તા.૨૩/૫/૧૯૫૮ ના પ્રકાશન "સૌરાષ્ટ્રની પછાત કોમો" નો હવાલો આપી દરખાસ્ત કરેલ છે કે, ઉકત સરકારી પ્રકાશનમાં જ "આહિર" જાતિની ૧૧

708

પેટા જાતિઓ એટલે કે, (૧) સોરઠીયા (૨) મચ્છોયા (મચ્છુયા) (૩) પંચોળી (૪) નાઘોરા (૫) વણાર (૬) બોરીચા (૭) વાગડીયા (૮) ભંગુર (૯) ફરકટ (૧૦) કાંબળીયા (૧૧) મોલ નો ઉલ્લેખ કરેલ છે. નિયામકશ્રીએ ઉકત દરખાસ્તમાં Anthropological Survey of India ના પ્રકાશન "People of India" ના પ્રકાશનમાં પણ "સોરઠીયા", "પંચોળી" કે "મચ્છુયા", "બોરીચા", "પરથારીયા" વગેરે જૂથોને "આહિર" જાતિના પેટા જૂથો તરીકે જાહેર કરેલાનું જણાવ્યું છે.

"આહિર" જાતિની ઉપર પ્રમાણેની પેટા જાતિઓ અને પેટા જૂથોને જાતિ પ્રમાણપત્ર આપવા માટે સુધારો કરવાની બાબત રાજ્યના અન્ય પછાત વર્ગોના કમિશનની વિચારણા અને અભિપ્રાય માટે મોકલતાં કમિશને તેમના વંચાણે લીધેલા (૩) પરના પત્રથી જણાવેલ છે કે, "આહિર" જાતિ સને ૧૯૭૮ થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેલી છે. અને "આહિર" જાતિના સુચિત વિવિધ પેટાજૂથો કે પેટા જાતિઓનો ઉમેરો નવી જાતિનો ઉમેરો ન હોવાથી આ બાબત કમિશનના ક્ષેત્રાધિકારની ન બનતાં સરકારના ક્ષેત્રાધિકારની બને છે, અને સરકારે જ પેટા જાતિઓ અને જૂથો અંગે સ્પષ્ટીકરણ (Clarification) બહાર પાડવાનું રહે. આ સમગ્ર પ્રકરણ અંગે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

<u>ઠરાવઃ-</u>

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓ નક્કી કરતાં તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર- ૧- ૭૮ -૧૩૭૩૪- ૬, અને ત્યારબાદના આ અંગેના વખતોવખતના ઠરાવમાં અનુ. નં.૨ ઉપર દર્શાવેલ "આહિર, આયર-બોરીચા" જાતિમાં (૧) આહિર સોરઠીયા (૨) આહિર મચ્છોયા (મચ્છુયા) (૩) આહિર પંચોળી (૪) આહિર નાઘેરા (૫) આહિર વણાર (૬) આહિર બોરીચા (૭) આહિર વાગડીયા (૮) આહિર ભંગુર (૯) આહિર ફરકટ (૧૦) આહિર કાંબળીયા (૧૧) આહિર મોલ (૧૨) આહિર પરાથરીયા જાતિઓને "આહિર" ની પેટા જાતિઓ તરીકે ઉમેરવામાં આવે છે.

(૨) અનુભવે જણાયેલ છે કે, ઉપરોકત ઉમેરાયેલા પેટા જૂથો, પેટા જાતિઓ જેવી કે, "પંચોળી", "મચ્છોયા(મચ્છુયા)", "સોરઠીયા", "વાગડીયા" વગેરે વિસ્તાર સૂચક (Area Indicating) શબ્દો છે. જેનો ઉપયોગ અટક (Surname) તરીકે અન્ય જાતિઓ પણ કરતી

—3—

હોય છે. તેથી, ભળતી અન્ય બિન પછાત વર્ગની જાતિના ઉમેદવારો કે અરજદારો ખોટી રીતે "આહિર" જાતિનું પ્રમાણપત્ર ન મેળવી લે તે માટે સક્ષમ અધિકારીઓએ અરજદાર કોઇ અન્ય ભળતી જાતિનો નથી તેની ચોકસાઇ કરવાની રહેશે.

(૩) આ ઠરાવથી ગુજરાતની હાલની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓની યાદીમાં કોઇ નવી જાતિનો કે નવા જૂથોનો ઉમેરો કરવામાં આવતો નથી. પરંતુ "આહિર" જાતિના પેટાજૂથો કે પેટા જાતિઓ અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે. જેથી, આવા પેટાજૂથો કે પેટા જાતિઓના ઉમેદવારોને જાતિ પ્રમાણપત્રો મેળવવામાં પડતી હાલાકી (Hardship) દુર કરી શકાય.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મનોજ રાવલ )
સંયુકત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો.
- *રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર ધ્વારા).
- *સચિવશ્રી, ગુજરાત રાજય જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, સચિવાલય, ગાંધીનગર.

710

- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ / બોર્ડ / નિગમો.
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે નાયબ નિયામકશ્રી(વિ.જા.) / જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા.).
- તમામ મામલતદારશ્રીઓ.
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સિલેકટ ફાઇલ.

* પત્ર ધ્વારા.

-----------